# બધાની કાળજી રાખનાર રેખાબેન અને દર્દીની કાળજી રાખનાર જીગ્નેશભાઈ

ભારતીય વૈજ્ઞાનિક નો કોવીડ 19 આહવાનને પ્રતિસાદ
એક સ્વયંસેવક સમૂહ

IndiSciCovid

https://indscicov.in/



Indian Scientists' Response to COVID-19

રેખાબેનને પોતાના સસરાની ચિન્તા થઈ રહી હતી. તેમને આકરો તાવ ચડ્યો હતો અને આખા ઘરને ગભરાવી નાખે તેવી ખાંસી હતી. રેખાબેનની દીકરી સંગીતા નવા ખરીદેલ થરમૉમિટરથી દાદાજી નુ સમયસર તાપમાન માપી રહી હતી. જીગ્નેશભાઈ વિચારી રહ્યા હતા કે તાવ માપવા ટે આવા મોંઘા થરમૉમિટર ની શૂં જરૂર? કપાળે હાથ રાખવાથી તાવ છે કે નહિ એ તો તરત સમજાઈ આવે.

પરંતુ સંગીતાએ અમને સમ્જાવ્યુ કે, "આવા સમયમાં થરમૉમિટર વાપરવું જરુરી છે કારણ કે રોજ કેટલો તાવ છે અને કેટલી વાર વધ -ઘટ થાય છે તે માહિતી ડૉક્ટર ને આપવી ખુબ મહત્વની છે. સંગીતાનો નાનો ભાઈ દીપ સતત સંગીતાને ચિડાવતો હતો કે સંગીતા ડૉક્ટર સાથે કેટલી વાતચીત કરતી હતી પણ રેખાબેનને એમની દીકરી ઉપર ગર્વ હતો કે સોળ વર્ષની નાની છોકરીએ કેવી સમજદારીપૂર્વક મૉટી જવાબદારી લઈને સમય સાંભળી લીધો.



રેખાબેન ના સંસાર માં બન્ને પતિ -પત્ની, એમના બે બાળકો અને વૃદ્ધ સાસુ -સસરા. બધા મળીને નાનકડા ઘરમાં રહે; જ્યાં એક મોટી ઓરડી, શેરીની નજર સમક્ષ એક નાની ઓરડી, પાછળનું રસોડું, નાહવા ધોવાનું વાડો અને એક ટોયલેટ. આ બધું એક નાના લંબચોરસ ભાગમાં ગોઠવાયેલ, જેની પાછળ એક નહેર છે. નહેર મોટા ભાગે સ્થિર છે જે મચ્છરોને ઉછેરે છે. પરંતુ રેખાબેન આભારી છે, તેમની પાસે પોતાનું શૌચાલય છે. તેમનો ભાઈ બાકી ૩ કુટુંબો સાથે પોતાનું શૌચાલય વહેચે છે.

રેખાબેન પોતે નોકરાણીનું કામ કરતા અને જીગ્નેશભાઈ દુકાનમાં દરજીનુ. બન્નેના પગારથી આખા ઘરનો ગુજારો ચાલી જાતો. પણ આજે રેખાબેનને અંદાજ આવી ગયો કે બાપુજીને લગભગ કોરોનાની બીમારી થઈ ગયી છે. હવે કોરોનાના કારણે બન્નેની નૌકરી બંધ થઈ જશે એટલે પગાર પણ બંધ! આવક નહીં એટલે જેટલી બચત છે એમાંથી જ ખર્ચા કરવાના. એમની જિંદગીમાં ચિન્તાનું કાળું વાદળ પસરાય ગયુ.

બાપુજીની હાલત જોઈને રેખાબેનના મનમાં હજારો સવાલ ઉભા થવા લાગ્યા "બાપુજી ને હોસ્પિટલમાં લઈ જવા પડશે તો ? અમારા શેઠના ઘરે તો એમના માજી માટે એમ્બ્યુલન્સ આવી હતી પણ અમારા જેવા ગરીબ માટે એમ્બ્યુલન્સ આવશે ? બાજુવાળા કમુબેન તો કેહતા હતા કે એમ્બ્યુલન્સ મળશે અને બાપુજીને હોસ્પિટલ માં લઈ જશે. સરકારી



હોસ્પીટાલમાં ડૉક્ટરના ખર્ચાથી બચી જશુ પણ કોણ જાણે સરકારી હોસ્પીટાલમાં કેવી સંભાળ લેવાશે અને ઉપરનો ખર્ચો આવશે એ કઈ રીતે પૂરો કરીશું ? હવે તો બસ પણ બંધ થઈ જશે તો બાપુજી ને જમવાનું કઈ રીતે આપવા જઈશ? સરકારી હોસ્પીટાલ માં દરરોજ પૂરતું જમવાનું આપશે? નસીબ કે બા બીમાર નથી પડ્યા નહીતો બા તો હોસ્પીટાલ ના ખાવાનાને હાથ પણ ન લગાવત."

રેખાબેને વિચારોના વમળ ખંખેરીને બાપુજી સામે જોયુ. અત્યારે તો તબિયત ઠીક લાગી રહી હતી. તાવ સૌ ડિગ્રી થી વધારે હતો અને ઉધરસ પણ હતી. પણ આવા તાવ અને ખાંસી વર્ષમાં એક વાર તો બધાને જ આવે. કદાચ બાપુજીને કોરોના નહી જ હોય. આ વિચાર આવતા જ રેખાબેનનું મન હળવું થઈ ગયું અને એમણે તરત ડોક્ટર ભાવસારને પુછવાનું નક્કી કર્યું . ડોક્ટરને ફોને કર્યો અને બાપુજી ની તબિયત ની વિગતવાર વાત કરી. ડૉ ભાવસારે વાત શાંતિથી સાંભળી અને સલાહ આપી કે બાપુજીની કોવીડ (કોરોનાનું બીજું નામ!) માટે ચકાસણી કરાવવી જોઈએ, પણ અત્યારે દવાખાનાઓમાં બહુ ભીડ હશે એટલે બે દિવસ પછી ચેકએપ કરાવજો. પણ ત્યાં સુધી બાપુજી છેલ્લા દસ દિવસમાં કોણે કોણે મળ્યા હતા તેની તપાસ કરો અને બાપુજી ને પૂર્ણ આઇસોલેશન માં મુકો.



ડૉક્ટરનો ફોને મૂકી ને રેખાબેન વિચારમાં પડી ગયા . " આ પૂર્ણ આઇસોલેશન એટલે શું? " રેખાબેને તરત સંગીતાને પૂછયુ. સંગીતાએ પૂર્ણ આઇસોલેશન બાબત ડૉક્ટરો સાથે વાત કરી હતી એટલે એને પૂરી જાણકારી હતી. સંગીતાએ પૂર્ણ આઇસોલેશન વિશેની માહિતી ઘરમાં બા, બાપુજી, રેખાબેન, જીગ્નેશભાઈ અને દીપ ને સમજાવી. આ બધું સાંભળીને બધાને થોડી ચિન્તા જરૂર થઈ, પણ બા ને ધારપ થઈ કે એમની વહુ અને પૌત્રી બાપુજીની તબિયત માટે તકેદારી લઈ રહ્યા છે. બાએ રેખાબેનની સમજદારી ની પ્રશંસા કરતા કહયુ કે તેણે ઘણી ઝડપથી નિર્ણય લીધો છે. એમના જમાનામાં શીતળાના ચેપથી બચવા પણ આવી રીતે જ ઉપાય કરતા.

બાની વાત સાંભળી બધાયે પોતપોતાની જવાબદારી લેવાનું નક્કી કર્યું. રેખાબેન ઉપર આખા કુટુંબ નો ભાર. જેમાં તે બા ને દવા આપવાથી માંડી ને ઘરની સવાર-સાંજની રસોઈ અને સંગીતાના વાળ માં તેલ નાખી ને ઓડી આપવાનુ સુદ્ધાં. એટલે રેખાબેનને બાપુજીથી દૂર જ રાખવાનું નક્કી થયુ. બાપુજીની સંભાળ જીગ્નેશભાઈ રાખશે એમ નક્કી થયું. ભલે બાપુજી અને જીગ્નેશભાઈ કકળાટ કરતા, પણ હવેથી બધાયે રહેણીકરણી માં ફેરફાર લાવવો પડશે. આખા કુટુંબે આઇસોલેશનમાં કઈરીતે રહેવું અને



ડોક્ટરે કહેલી બધી સૂચનાઓનો અમલ કરવાનું નક્કી કર્યું.

1. આગળનો ઓરડોજે જીગ્નેશભાઈ અને દીપનો હતો, તે હવે બાપુજી ને આપવામાં આવ્યો.. જીગ્નેશભાઈ ને બાપુજીના ઑરડાનું સફાઈ નું કામ સૌંપી દીધું. ઓરડો લુછવા માટે એક વાસણમાં સાબુ, પાણી અને કપડું રાખી દીધું. બાપુજી ને સમજાવ્યું કે દરવાજો અને બારી ખોલવા માટે પોતાની કોણી વાપરવી. અને જીગ્નેશભાઈ ને સમજાવ્યું કે જ્યાં બાપુજી સ્પર્શ કરે તે જગ્યા તરત સાબુના પાણીથી સાફ કરવાની।

2. હવેથી બાપુજીએ ઑરડા માં એકલા રહેવાનું અને ફક્ત શૌચાલય માટે બહાર આવશે. જીગ્નેશભાઈએ રોજ બાપુજીનું તાપમાન લેવાનું . દીપે જમીનપર ચોંકથી ભાગ પાડી આપ્યા જેમાં એક બાજુ બાપુજીની જગ્યા અને બીજે બધે ચોકથી વર્તુળો પાડી આપ્યા જેમાં બધાએ એકબીજાથી એક ફુટ ના અંતરે ઉભા રહેવાનું.

3. જીગ્નેશભાઈએ બાપુજી ને વિગતવાર સમજાવ્યા કે જયારે તેઓ ટોયલેટ માં જાય ત્યારે તેમને જ્યાં જ્યાં સ્પર્શ કર્યો હોય તે બધી જગ્યાઓ બહાર આવતા પેહલા ચોખ્ખી કરવી, હાથ સાબુ થી સ્વચ્છ કરવા અને પછી જીગ્નેશભાઈ ટોઇલેટ સાફ કરશે.

4. બાપુજીનું જમવાનું જીગ્નેશભાઈ જ આપી જશે. જમ્યા પછી બાપુજી પોતાના વાસણો પાણીથી વિછળ્યાં પછી સંગીતાએ આપેલા વાસણમા મૂકી દેશે. જીગ્નેશભાઈ અલગથી કોઈ પણ ચમચી કે વાસણ જે બાપુજી થી સ્પર્શ થયું તે ધોઈ નાખશે.

5. આજથી બહારની કોઈપણ વ્યક્તિને ઘરમાં અંદર પ્રવેશ આપવામાં નહિ આવે.બાજુવાળી કાવેરી મળવા આવી તો રેખાબેન જ બહાર જઈ એને મળી આવ્યા.



રેખાબેનના કુટુંબે બાકી પણ ઘણી જવાબદારી સમજીને અમલમાં મૂકી દીધી.

1. રસોડાની બહાર એક વાસણમાં સાબુ નું પાણી અને લૂછવાંનું કપડું રાખ્યુ જેનાથી દીપ ફટ્ટા મારશે

2. દિવસમાં બે વાર સંગીતા બ્લીચના બે ટીપા અને ડેટોલ નાખીને ટેબલ-ખુરશી અને જમીન સાફ કરશે.

3. પ્રત્યેક વ્યક્તિ અલગ ટુવાલ વાપરશે અને એમને રોજ તડકામાં સુકાવશે. બાપુજીના કપડાં અલગથી ધોઈને સુકાવવાનું કામ રેખાબેન કરશે.

4. રેખાબેને બધા માટે કપડાંના માસ્ક બનાવી આપ્યા. હવેથી માસ્ક પેહર્યા વગર બાપુજી ના રૂમ જવાનું નહિ.

રેખાબેને પોતાના કુટુંબની તૈયારી જોઈને થોડો સંતોષ થયો કે થોડાજ સમય માં સારી વ્યવસ્થા કરી લીધી ..પણ મનમાં એક રંજ રહી ગયો કે જો એમનો અને જીગ્નેશભાઈ નો પગાર ચાલુ હોત તો બાપુજીની હજી સારી સંભાળ લઈ શક્યા હોત.

વૈજ્ઞાનિક સુત્રોથી તૈયાર કરેલી કોવિડની માહિતી સર્વસામાન્ય લોકો સુધી  પહોચાંવોનો અમારો ઉદ્દેશ  છે. વાંચકોને અધિક માહિતી જોઈતી હોય તો ઈન્ટરનેટ પર www.indscicov.in મેળવી શકે છે.

